
ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૨૫ જૂન, ૨૦૨૬



'જિસ દેશ મેં ગંગા' ના સેટ પર અસલી ડાકુઓ કેમ હતા... Pg.2



નિહારિકાના કરિયરનો સૌથી મુશ્કેલ સીન કયો હતો?... Pg.4

# પરિવાર અને એક્ટિંગ વિના મા[અ]ધુરી

**ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં રહીને, ટોચની અભિનેત્રી બનીને માધુરીએ અરેંજ મેરેજ કર્યા એ જ તેની અપવાદરૂપ જીવનશૈલી દર્શાવે છે. પ્રોફેશનલ લાઈફમાં જેટલી સફળતા મેળવી તેટલો આનંદ પારિવારિક જીવનનો પણ તેણે લીધો**






ફક્ત 'ધક ધક ગર્લ' એટલું કહીએ એટલે સમજ પડી જાય કે કોના વિષે વાત થઈ રહી છે. માધુરી દીક્ષિત એ નામ વિષે વધારે કઈ કહેવાની જરૂર પડતી નથી. 90ના દાયકામાં બોલિવૂડની મોટી અને લોકપ્રિય એક્ટ્રેસીસમાં તેની ગણના થતી હતી. તેની એકે એક ફિલ્મ, તેનો અભિનય, તેનો ડાન્સ અને તેની નજાકતના લોકો દીવાના હતા અને તે લોકપ્રિયતા આજે પણ છે. જો આપણે અમિતાભ બચ્ચનને સુપર સ્ટાર ગણતા હોઈએ તો માધુરી 90ના દાયકાની ફીમેલ સુપર સ્ટાર હતી. તેઝાબથી લઈને દિલ, સાજન, બેટા, ખલનાયક, રામ લખન, હમ આપકે હે કૌન, દિલ તો પાગલ હે જેવી ઘણી હીટ ફિલ્મો તેણે આપી છે. પોતાની કારકિર્દી ટોચ પર હતી ત્યારે તે અમેરિકા સ્થિત ડૉ. શ્રીરામ નેને સાથે લગ્ન કરીને ત્યાં જ સેટલ થઇ ગઈ.

હાલમાં જ, માધુરીએ જણાવ્યું હતું કે ડૉ. નેને સાથે તેની મુલાકાત તેના ભાઈના થકી થઇ હતી અને તેમણે લગભગ 6 મહિના ડેટિંગ કર્યું હતું અને ત્યારબાદ 1999માં કેલીફોર્નીયાના તેના ભાઈના ઘરમાં જ પરમ્પરાગત વિધિ પ્રમાણે તેમણે પરિવારની હાજરીમાં લગ્ન કર્યા હતા. તે સમયે માધુરીની મુંબઈમાં સફળ કારકિર્દી હતી અને તે છોડીને તેણે લગ્ન બાદ યુએસમાં સ્થાયી થવાનું નક્કી કર્યું. આ દંપતીને અરીન અને રયાન નામના બે છોકરાઓ પણ છે. તેની યુએસની જીંદગી મુંબઈની તેની ઝડપી લાઈફ કરતાં ઘણી શાંત અને પારિવારિક હતી. આના વિષે માધુરી જણાવે છે કે, 'લગ્ન બાદ યુએસમાં મારી જીંદગી અદ્ભુત અને શાંતિપૂર્ણ હતી. હું મારા બંને બાળકો સાથે સમય વિતાવતી હતી કે જે મારું એક સપનું હતું. તેમની સંભાળ રાખવી, તેમને પાર્કમાં લઇ જવા, તેમની સાથે રમવું અને એવી દરેક પારિવારિક બાબતોમાં હું વ્યસ્ત હતી અને મારા સપનાની જીંદગી હું જીવી રહી હતી. માતૃત્વનો મેં સંપૂર્ણ રીતે આનંદ લીધો છે.' પણ હવે, યુએસમાં લગભગ ૧૦ વર્ષ રહ્યા બાદ માધુરીએ તેના પુરા પરિવાર સાથે મુંબઈમાં શિફ્ટ થવાનું નક્કી કર્યું અને તેના આ નિર્ણયથી ઘણાને નવાઈ લાગી છે.

પોતાના ભારત પાછા આવવાના નિર્ણય વિષે જણાવતા માધુરી કહે છે કે, 'ભારત પરિવાર સાથે શિફ્ટ થવાનો નિર્ણય કઈ એકાએક લેવાયો નથી. આની પાછળ ઘણા બધા કારણો છે. મારા માતા પિતા મારી સાથે યુએસમાં રહે છે અને મારા અન્ય ભાઈ-બહેનો પણ યુએસમાં જ છે. વળી, રામના માતા-પિતા પણ ત્યાં જ રહે છે. હવે, મારા માતાપિતા વૃદ્ધ થઇ રહ્યા છે, અને તેઓ ભારત પાછા આવવા માંગતા હતા. મારા સમગ્ર જીવનમાં, મારી આખી કારકિર્દી દરમિયાન મારા માતા-પિતા મારી સાથે જ રહ્યા છે, અને હવે મારે તેમને એકલા છોડવા ન હતા. બીજું કારણ એ હતું કે મારું બધું કામ અહી, ભારતમાં હોય છે અને વિદેશમાં રહીને ભારત આવીને પ્રોફેશનલ વર્ક પૂરું કરવાનું ઘણું મુશ્કેલ પડતું હતું કારણકે બંને દેશ વચ્ચે ઘણું લાંબુ અંતર છે.' આમ, યુએસમાં રહીને પોતાની એક્ટિંગની કારકિર્દી ફરી શરૂ કરવામાં માધુરીને ઘણી મુશ્કેલી પડતી હતી. કામ હોય ત્યારે ભારત આવવું અને કામ પૂરું થતા પાછા યુએસ જવું એ ઘણું શારીરિક અને માનસિક રીતે થકવી મુકનારું હતું. છેલ્લા ઘણા સમયથી માધુરી પોતાની કારકિર્દી પ્રત્યે ગંભીર બની છે. તેણે લગ્નના ૧૦ વર્ષ પછી કમબેક કર્યું છે પરંતુ તેનું કમબેક અન્ય અભિનેત્રીઓ જેવું રહ્યું નથી. માધુરીએ મોટાભાગે ફીમેલ ઓરિએન્ટેડ રોલ્સ પસંદ કર્યા છે અને જેમાં તેનું મહત્વનું અને મજબુત પાત્ર હોય. શરૂઆતમાં તેણે 'નચ લે' અને 'ટોટલ ધમાલ' જેવી કોમર્શીયલ ફિલ્મો કરી અને વળી ડાન્સ રીયાલીટી શો 'ડાન્સ દિવાને'ની મુખ્ય જજ પણ બની. ત્યારબાદ, કલંક, મીસીસ દેશપાંડે, મજામાં, અને હાલમાં માં -બહેન જેવી ફિલ્મો કરી જેમાં તેની ભૂમિકા અલગ પ્રકારની હતી. આમ, માધુરીની સ્પર્ધા અન્ય કોઈ અભિનેત્રીઓ સાથે નથી પરંતુ, તેણે પોતાનો અલગ રસ્તો જ બનાવ્યો છે, જેમાં તે ખરેખર પ્રશંસનીય અભિનય કરી રહી છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રહીને, ટોચની અભિનેત્રી બનીને માધુરીએ અરેંજ મેરેજ કર્યા એ જ તેની અપવાદરૂપ જીવનશૈલી દર્શાવે છે. પ્રોફેશનલ લાઈફમાં જેટલી સફળતા મેળવી તેટલો આનંદ પારિવારિક જીવનનો પણ તેણે લીધો. લગ્ન બાદ એક પત્ની અને માતા તરીકે સંપૂર્ણ રીતે તે પરિવારને સમર્પિત રહી અને તેના એ તબક્કાને એન્જોય પણ કર્યો. માધુરીના ભારત પાછા આવવાના કારણમાં ડૉ. નેને પણ છે. સુત્રો કહે છે કે ડૉ. નેને ને પણ પરિવર્તનની ઈચ્છા હતી. અમેરિકામાં કાર્ડીઓવેસ્ક્યુલર સર્જન તરીકેની પ્રેક્ટીસ કરતી વખતે તેમણે જે દર્દીઓને જોયા તેમાં એક ચિંતાજનક પેટર્ન જોવા મળી. તેમની હાલત ટ્રીટમેન્ટ લેતા પહેલા ઘણી ખરાબ હોય છે. ડૉ. નેને દર્દીઓની સમસ્યા શરૂઆતથી જ સમજવા માંગતા હતા. તેથી તેઓ એક પ્રકારની સીસ્ટમ વિકસાવવા માંગતા હતા. જે લોકોને સ્વસ્થ બનાવે, તેમની સુખાકારીનું ધ્યાન રાખે. તેના માટે ભારતમાં નવી તક તેમને દેખાતી હતી. તે એવું કઈ બનાવવા માંગે છે જે ફક્ત સારવાર પર જ નહિ, પરંતુ પ્રારંભિક સુખાકારી અને સ્વસ્થ જીવનશૈલી પર કેન્દ્રિત હોય. આ વિષે માધુરી કહે છે કે, 'અમે બંને ને લાગ્યું કે ખરેખર આ જ સમય છે. દરેક પરિસ્થિતિ ભારત શિફ્ટ થવા તરફ લઇ જતી હતી. મારા માતા પિતા ની ઈચ્છા, મારા પ્રોફેશનલ કમીટમેન્ટસ, અને ડૉ. નેનેની હેલ્થકેરમાં પરિવર્તન લાવવાની ઈચ્છા આ બધું જ એક સાથે એક ચોક્કસ નિર્ણય તરફ અમને લઇ ગઈ. વળી, વિદેશમાં હું રહેતી હતી ત્યારે ભારતની જીવનશૈલી અને કલ્ચર હું ઘણું મિસ કરતી હતી. હું ઈચ્છતી હતી કે મારા બાળકો પણ ભારતીય કલ્ચરથી વાકેફ થાય, તેમના મૂળ સાથે તેઓ જોડાય. આમ, આખરે અમે ભારત શિફ્ટ થવાનો નિર્ણય લીધો અને તે ખરેખર યોગ્ય નિર્ણય હતો.' પોતાની વેલ સેટલડ પ્રેક્ટીસ ડૉ. નેને છોડીને ભારત શિફ્ટ થાય તે વાત તેમના માતા પિતાને શરૂઆતમાં ગળે ઉતરી નહીં. પરંતુ, જ્યારે તેમણે પોતાના દીકરાની વિચારસરણી જોઈ, તેને જે નવું કરવાની ઈચ્છા છે તેના વિષે જાણ્યા પછી તેઓ પણ રાજી થઇ ગયા. ડૉ. શ્રીરામ નેને મૂળ ભારતના જ છે અને તેમના દાદા- દાદી ભારતમાં રહેતા હતા. આ વિષે માધુરી વધુમાં જણાવે છે, 'બાળપણમાં ડૉ. નેને તેમના દાદા દાદીને મળવા ભારત આવતા હતા, પરંતુ, ઉચ્ચ અભ્યાસ શરૂ થયા પછી ભારત આવવાનું ઓછું થઇ ગયું હતું. તેઓ ઘણા સમયથી ભારત આવ્યા ના હતા. પણ, ડૉ. નેનેની ખાસિયત છે કે તેઓ નવા વાતાવરણમાં તરત ભળી જાય છે. સ્થાનિક સંસ્કૃતિને સમજવાથી લઈને ડીજીટલ હેલ્થ એન્ટ્રપ્રેનર અને કોન્ટેન્ટ ક્રિયેટર તરીકે બીજી કારકિર્દી બનાવવા સુધી, ડૉ. નેને ભારતની જીવનશૈલીમાં સંપૂર્ણપણે ડૂબી ગયા છે. તેમને ભારતમાં રહેવાનું ગમે છે, તેને અહીના લોકો પસંદ છે. એ ભલે ડોક્ટર છે પરંતુ, ટેકનોલોજી તેમને ગમે છે, તેમને ટ્રાવેલિંગ, કુકિંગ એ બધુ પણ ખૂબ ગમે છે.' આ સિવાય ડૉ. નેને માધુરી સાથે ફિલ્મ પ્રોડક્શન પણ કરે છે. આમ, માધુરી અને ડૉ.નેને એ ભારતમાં રહીને પોત પોતાની કારકિર્દીને નવી દિશા આપવાનું નક્કી કરી લીધું છે.

આ બધું જોતા માધુરી ખરેખર નસીબદાર લાગે કે જેના માટે તેના પતિએ પોતાની સફળ કારકિર્દી છોડી દીધી અને પરિવાર સાથે ભારત આવી ગયા. આપણે બસ એટલું જ કહી શકીએ કે, માધુરી અને ડૉ. નેને બંનેને તેમની કારકિર્દીની બીજી ઈનીગમાં પણ સફળતા મળે અને માધુરી તેના અભિનયથી આપણા દિલમાં રાજ કરતી રહે. •

## બાળ ઉછેર અને ફિલ્મ નિર્માણમાં ટીમવર્ક જરૂરી



આલિયા ભટ્ટે તાજેતરમાં જ પોતાની અંગત અને વ્યવસાયિક સફરને આકાર આપનારી મહિલાઓ વિષે અને તેની પુત્રીના ભવિષ્ય વિષે રાખેલી અપેક્ષા વિષે ખુલીને વાત કરી. વર્ષોથી પોતાના દ્રષ્ટિકોણને આકાર આપવામાં મદદ કરનારી મહિલાઓ વિષે વાત કરતા આલિયાએ પોતાની માતા સોની રાઝદાનને પોતાના સૌથી મજબૂત પ્રભાવોમાંના એક તરીકે શ્રેય આપ્યો. તેની માતા કેવી રીતે તેના અભિનય કરવાના ઉત્સાહ અને માતૃત્વ વચ્ચે સંતુલન જાળવે છે તેના પર પણ પ્રકાશ પડતા કહે છે કે, મારા પરિવારથી શરૂઆત કરું તો મને લાગે છે કે મારી માતા સૌથી વધારે મજબૂત અને પ્રભાવશાળી લાગે છે. જે રીતે તેણે મને અને મારી બહેનનો ઉછેર કર્યો અને સાથે સાથે પોતાના એક્ટિંગ કરવાના ઉત્સાહને પણ જાળવી રાખ્યો, પછી ભલેને તેને થિયેટર કર્યું હોય કે ટેલીવિઝન પણ, બંને વચ્ચે જે સંતુલન જાળવી રાખ્યું તે પ્રભાવશાળી છે. પરિવાર ઉપરાંત, અભિનેત્રીએ તે મહિલાઓના મહત્વ પર ભાર મુક્યો કે જેમની સાથ તેણે કામ કર્યું છે અને તેમના પ્રોફેશનલ સર્કલને કારણે તે મજબૂત સહારો મળે છે. તેના મતે, તે લોકોના દ્રષ્ટિકોણ અને ઊર્જાએ આલિયાના પોતાના દ્રષ્ટિકોણને આકાર આપવામાં મદદ મળી છે. તે બધા મારા જીવનમાં સપોર્ટ, અભિપ્રાય, દ્રષ્ટિકોણ અને સકારત્મક ઊર્જા ઉમેરે છે. આમ, આ બધું ટીમવર્ક જેવું બની રહે છે, તેણે પોતાની ૩ વર્ષની દીકરી રાહા કપૂર વિષે પણ કહ્યું કે, હું ઈચ્છું છું કે તે ખરેખર એક રમતવીર બને. તે ખૂબ જ સ્પર્ધાત્મક છે અને તે ખૂબ જ રમતિયાળ છે. તેને લાગે છે ફિલ્મ નિર્માણ ફક્ત સંમતિને બદલે સંવાદ અને અલગ અલગ દ્રષ્ટિકોણથી રચતા સહયોગથી બને છે. હું મારી જાતને એવા લોકોથી ઘેરી લેતી નથી જેઓ મને ફક્ત 'હા,હા,' કર્યા કરે. જેઓ હું કહું તે બધું કર્યા કરે તેઓ મને ગમતા નથી. મને સંઘર્ષ ગમે છે અને મને 'ના' અથવા 'ઠીક' છે અથવા 'તું આવું કેમ વિચારે છે?' એવું કહે તે મને ગમે છે. અન્ય લોકો સાથે કામ કરવાથી અલગ અલગ દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન થાય છે. •

**બોલિવ્લોગ વિથ પૅપ**

## ફરદીનએ કર્યો દીકરી સાથે ડાન્સ



એક્ટર ફરદીન ખાન એ સોશિયલ મીડિયા પર તેની અને તેની દીકરીને યાદગાર પળો શેર કરી. પિતા પુત્રી વચ્ચેની આ યાદગાર પળો જોઈને સોશિયલ મીડિયા પર પ્રશંસા અને ઉષ્માભર્યા પ્રતિભાવો તેના માટે આવ્યા. એક પાર્ટીમાં ફરદીન અને તેની પુત્રી સાથે ડાન્સ કરતા હોય તેવો વિડીયો સોશિયલ મીડિયા પર તેણે પોસ્ટ કર્યો હતો જેમાં બંને ડાન્સ ફ્લોર પર આનંદથી ડાન્સ કરતા હતા. તેઓ એક ટ્રેક પર એકબીજા સાથે સ્ટેપ્સ મેળવીને ડાન્સ કરતા હતા જે તેમની વચ્ચેના સ્નેહભર્યા સંબંધને દર્શાવે છે. વિડીયો શેર કરતા ફરદીને લખ્યું, કહેવાય છે કે પિતાનો તેની દીકરી સાથેનો પહેલો ડાન્સ એ અન્ય કોઈ પણ બાબત કરતા વધારે વિશેષાધિકાર ધરાવે છે અને થોડા દિવસો પહેલા જ મને તેનું કારણ સમજાયું. બાર વર્ષ સુધી મારી દીકરીને મેં મોટી થતી જોઈ અને હજી પણ તે મને નાની જ લાગે છે. તે મારા હાથમાં રમતી રહે છે અને મને આશા છે કે તે હંમેશા એવી જ રહેશે. આ મારી યાદગાર પળો છે જે આજીવન રહેશે. ફરદીનની આ પોસ્ટને ફિલ્મ ઉદ્યોગમાંથી ઘણાનો પ્રેમ મળ્યો. એક્ટર દિયા મિર્ઝા, બોબી દેઓલ અને રાહુલ દેવ એ હાર્ટના ઈમોજી સાથે પ્રતિક્રિયા આપી. ફરદીન ખાને ડીસેમ્બર 2005માં એક્ટ્રેસ મુમતાઝની દીકરી નતાશા સાથે લગ્ન કર્યા હતા. તેમને બે બાળકો છે. તેમના પુત્રનું નામ અઝારીઅસ છે કે જેનો જન્મ 2017માં થયો હતો. •

## 90ના દાયકાની ફેશને રાશાને આકર્ષી



અભિનેત્રી રવિના ટંડનની પુત્રી અને ઉભરતી એક્ટ્રેસ રાશા થડાની ને 90ના દાયકાની ફેશન સ્ટાઈલ ઘણી પ્રેરિત કરે છે. રાશાને લાગે છે કે તેની માતાએ અને તે સમયની અન્ય અભિનેત્રીઓએ જે ફેશન અપનાવી હતી અને તેઓ જે કરતા હતા તે બધું પ્રેરણાદાયી છે. રાશા કહે છે કે, તેની માતાએ અને તે સમયની અન્ય એક્ટ્રેસે તે ફેશન સ્ટાઈલ અપનાવી હતી તે મને આજે પણ પ્રેરણા આપે છે. તેમણે જે કઈ કર્યું તે આજે પણ અતુલ્ય છે. રાશાની પ્રેરણા ફક્ત ફેશન સુધી સીમિત નથી રહેતી. તે આનાથી આગળ વધીને મેકપ અને હેર સ્ટાઈલ વિષે પણ કહે છે કે, જે તેને આજે પણ પ્રભાવશાળી લાગે છે અને તેને યોગ્ય પસંદગી કરવા માટે પ્રેરે છે. તે કહે છે કે, મેકપ હોય કે હેર સ્ટાઈલ તે સમયની દરેક વસ્તુ મને આકર્ષે છે. મારા મોટાભાગના લુક્સ 90ના દાયકામાંથી પ્રેરણા લઈને કરવામાં આવ્યા હોય છે અને તે આજે પણ એટલા જ સુદર અને આકર્ષક લાગે છે. રાશા તેની માતાની ફિલ્મોગ્રફીમાંથી કેટલાક મનપસંદ લુક્સ યાદ કરતા કહે છે કે, શહેર કી લડકી ગીતમાં તેને ઘણા આઉટફીટ ચેંજ કર્યા હતા અને અખિયોં સે ગોળી મારે ગીતમાં પણ તેનો દેખાવ ઘણો પ્રભાવશાળી હતો. આ ગીતો અને તેની અભિનેત્રીઓના લુક્સ તે યુગને વધુ યાદગાર બનાવે છે. આઝાદ ફિલ્મથી ડેબ્યુ કર્યા પછી, રાશા ધીમે ધીમે તેની ઓળખ બનાવી રહી છે. જૂના અને આઈકોનિક લુકને નવા અને આધુનિક દ્રષ્ટિકોણથી જોવાના નવી પેઢીના વલણને તે પ્રતિબિમ્બિત કરે છે. જેઓ ક્લાસિક બોલિવૂડ શૈલીને શોધી રહ્યા છે તે નવી જનરેશનને નવો દ્રષ્ટિકોણ આપીને ફેશનની નવી પરિભાષા આપે છે. •